## અભિલેખાગાર

સામાન્ય રીતે કોઈપણ કાગળ પર કરેલ લખાણ કે જેનો કોઈ અર્થ નીકળતો હોય અથવા માહીતી પ્રાપ્ત થતી હોય તો તેવા કાગળને દસ્તાવેજ કહેવામાં આવે છે. આવા દસ્તાવેજોનો સમુહ દફ્તર બને છે. આવા દફ્તરો જયાં સંગ્રહવામાં આવે છે તેને અભિલેખાગાર કહેવામાં આવે છે.

## અભિલેખાગારની ભારતમાં સ્થાપના

ઈતિહાસનું આલેખન આધાર વિના થતું નથી. પછી તે ઈતિહાસ રાજ્યનો હોય, સમાજનો હોય, ધર્મનો હોય, કલાનો હોય કે આર્થિક બાબતોનો હોય, સાધન-દસ્તાવેજ એ તો એનું પ્રાણતત્વ છે. અન્ય દેશોની સરખામણીમાં ભારતમાં દફ્તર ભંડારની વર્તમાન દ્રષ્ટિયુક્ત, પ્રવૃત્તિ ઈસ્ટ ઈન્ડિયા કંપની સાથે સંકળાયેલી જણાય છે. ભારતમાં ઈમ્પીરીયલ રેકર્ડ ડીપાર્ટમેન્ટ (જેને પાછળથી રાષ્ટ્રીય દફ્તર ભંડાર National Archives એવું નામ અપવામાં આવ્યું.) તે ઈ.સ. ૧૮૯૧માં કલકત્તામાં અસ્તિત્વમાં આવ્યું હતું. સને ૧૯૧૧માં દિલ્હી પાટનગર બનતાં તે તમામ દફ્તર સાથે દિલ્હીમાં ખસેડાયું. બ્રિટિશ અમલ દરમિયાન ભારતના ઘણા રાજ્યોમાં આવી દફ્તરી શાખાઓ ઉભી કરી હતી. અગાઉના મુંબઈ રાજ્યમાં બ્રિટિશરોએ વૈજ્ઞાનિક ઢબે એક દફ્રભંડારની સ્થાપના કરી હતી. એમાં મુંબઈ રાજ્યના વિવિધ પ્રદેશોની દફ્તરી સંપત્તિનો સમાવેશ કરવામાં આવ્યો.

## અભિલેખાગારની ગુજરાતમાં સ્થાપના

ઈ.સ. ૧૯૬૦માં મુંબઈ રાજ્યના ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બે રાજ્યોમાં વિભાજન સમયે ગુજરાતનું જૂનું રેકર્ડ ફેરવવામાં આવ્યું ન હતું. ગુજરાતનું આ જૂનું રેકર્ડ મહારાષ્ટ્રમાં મુંબઈના દફતર ભંડારમાં અને પૂનાના પેશવાઈ દફતરમાં રહ્યું. આ ઉપરાંત ગુજરાત અને તેના કેટલાંક દેશી રાજ્યોનું જૂનું રેકર્ડ નવી દિલ્હીના રાજ્ય અભિલેખાગાર (નેશનલ આર્કાઈવ્ઝ) માં છે. આમ ગુજરાતને લગતા રેકર્ડનું એકત્રીકરણ થયું ન હતું. આ પરિસ્થિતિ નિવારવા ગુજરાત રાજ્યમાં એક અલગ રાજ્ય દફતર ભંડાર સ્થાપવાની આવશ્યકતાએ એક નિશ્ચિત સ્વરૂપ પકડ્યું.

અભિલેખાગાર ખાતા તરફથી રેકર્ડ સાચવણીનું કામ વૈજ્ઞાનિક ઢબે કરવા તેમજ જીર્ણ દફતરની પુનઃસ્થાપના માટે ગાંધીનગર મુકામે તા. ૩જી મે, ૧૯૭૩ના રોજ દફતર ભંડાર ભવન બાંધવાનો નિર્ણય લેવાયેલ અને તા. ૨૮-૧૨-૭૮ના રોજ ગુલાબ ઉદ્યાનની બાજુમાં અને નવા સચિવાલય સામે દફતર ભંડાર ભવનની ખાત મુહુર્ત વિધિ કરવામાં આવી હતી. અભિલેખાગાર ભવન તૈયાર થતાં અમદાવાદ ખાતેથી ખાતાની વડી કચેરી ગાંધીનગર ખાતે આ નવા મકાનમાં તા. ૧-૫-૧૯૮૧ થી ખસેડવામાં આવી છે.

અન્ય રાજ્યો કરતાં ગુજરાત રાજ્યના અભિલેખાગારની વિશેષતા ઘણી વિશાળ છે. તેનું કારણ એ છે કે, સ્વતંત્રતા પહેલા ભારતમાં કુલ-૫૮૨ દેશી

રજવાડા હતાં. જે પૈકી લગભગ અડધા એટલે કે ૨૮૨ રજવાડાઓ તો ગુજરાતમાં જ હતા. આમાના પ્રથમ વર્ગના ૬ થી ૭ રજવાડાઓ હતા. બીજા અને ત્રીજા વર્ગના ૧૫૦ જેટલા રજાવાડાઓ હતા. આ બધા રજવાડાઓ વહીવટ તથા વિકાસની દ્રષ્ટિએ ઘણા સમૃદ્ધ હતા. જેના લીધે તેમના વહીવટી દફ્તરો લાખોની સંખ્યામાં આ ખાતાની જીલ્લાની કચેરીઓમાં સંગ્રહાયેલા છે. આ બધા દફ્તરો વહીવટી અને આર્કીવલ દ્રષ્ટિએ કાયમી ધોરણે સાચવવા પાત્ર છે. તદઉપરાંત ગુજરાતમાં શૈક્ષણીક સંસ્થાઓ યુનિવર્સિટીઓ, મહાવિદ્યાલયો, સંશોધન કેન્દ્રોની મદદ માટે આર્કાઈવ્ઝ માર્ગદર્શક અને માહિતી પુરૂ પાડતું અનિવાર્ય અને આધારભૂત અંગ છે.

**અભિલેખાગાર ખાતાના વહીવટી અંકુશ હેઠળ નીચે મુજબની ક્ષેત્રીય કચેરીઓ**

(૧) દક્ષિણ વર્તુળ અભિલેખાગાર કચેરી, વડોદરા

(૨) પશ્ચિમ વર્તુળ અભિલેખાગાર કચેરી, રાજકોટ

(૩) જિલ્લા અભિલેખાગાર કચેરી, જામનગર

(૪) જિલ્લા અભિલેખાગાર કચેરી, જૂનાગઢ

(૫) જિલ્લા અભિલેખાગાર કચેરી, ભાવનગર

(૬) જિલ્લા અભિલેખાગાર કચેરી, પોરબંદર

(૧) દક્ષિણ વર્તુળ અભિલેખાગાર કચેરી, વડોદરા

વડોદરા રાજ્ય દફ્તર ભંડારની સ્થાપના વડોદરા રાજ્યના મહારાજા ખંડેરાવ ગાયકવાડે ઈ.સ. ૧૮૭૯માં કરી હતી. ત્યાર બાદ તા. ૧૯૭૪થી આ કચેરી અભિલેખાગાર ખાતાના વહીવટી અંકુશ હેઠળ મુકવામાં આવેલ હતી. આ કચેરીમાં ગાયકવાડી સમયનું કડી પ્રાંત, અમરેલી પ્રાંત, નવસારી પ્રાંત, અને ઓખા મંડળને લગતું રેકર્ડ સંગ્રહીત છે. આ કચેરીમાં આશરે કુલ- ૬,૦૦,૦૦૦ ફાઈલો સંગ્રહિત કરવામાં આવેલ છે.

(૨) પશ્ચિમ વર્તુળ અભિલેખાગાર કચેરી, રાજકોટ

રાજકોટ ઓફિસની સ્થાપના ઈ.સ. ૧૯૭૪માં કરવામાં આવી હતી. રાજકોટ દફતર કચેરીમાં કુલ ૩,૩૬,૫૦૮ જેટલી ફાઈલો સંગ્રહાયેલ છે. આ કચેરીમાં મુખ્યત્વે રાજકોટ, જેતપુર, વિરપુર, જસદણ, વિછિયા, આટકોટ, કોટડા સાંગાણી, થાણા દેવડી તથા વડીયા સ્ટટનો રેકર્ડ સંગ્રહિત છે.

પશ્ચિમ વર્તુળ અભિલેખાગાર કચેરી, રાજકોટના નવા મકાનનું બાંધકામ વર્ષ- ૨૦૦૫માં રૂ. ૧૩૦.૦૦ લાખના ખર્ચે કરવામાં આવેલ છે.

(૩) જિલ્લા અભિલેખાગાર કચેરી, જામનગર

કાઠીયાવાડ એજન્સીનું પ્રથમ વર્ગનું રજવાડુ હતું. જિલ્લા અભિલેખાગાર, જામનગરમાં અંદાજીત ૫,૮૨,૩૩૫ ફાઈલો આર્કિવલ દ્રષ્ટિએ ઉપયોગી છે. હાલ માં જિલ્લા અભિલેખાગાર કચેરી, જામનગરના નવા મકાનનું બાંધકામ રૂ. ૧૩૩૮.૯૫ લાખના ખર્ચે સરકારશ્રી દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે.

(૪) જિલ્લા અભિલેખાગાર કચેરી, જૂનાગઢ

જૂનાગઢ રાજ્યમાં દફ્તરભંડાર ખાતાની રચના નવાબ હમીદખાન બીજાના સમયમાં (ઈ.સ. ૧૮૪૦ થી ૧૮૪૫) કરવામાં આવી. તે સમયે જૂનાગઢ રાજ્યના ૨૪ ખાતામાં બીજા નંબરનું મહત્વનું ખાતું દફતર ખાતું હતું. જુનાગઢ ૧૯૪૮ થી ૧૯૫૬ સુધીના સૌરાષ્ટ્રના સ્વતંત્ર રાજ્યના સને ૧૯૫૬ થી ૧૯૬૦ સુધીના મુંબઇ દ્વિભાષી રાજ્યોના રેકર્ડનો સમાવેશ થયેલ છે. આ કચેરીમાં કુલ- ૫,૮૨,૧૧૫ ફાઈલો સંગ્રહિત છે.

(૫) જિલ્લા અભિલેખાગાર કચેરી, ભાવનગર

કાઠિયાવાડ એજન્સીનું પ્રથમ વર્ગનું રજવાડું હતું> જિલ્લા અભિલેખાગાર, ભાવનગરમાં અંદાજીત ૫,૬૪,૦૦૦ ફાઈલો સંગ્રહિત છે. આ કચેરીમાં મુખ્યત્વે

ભાવનગર, ગારીયાધાર, શિહોર, પાલીતાણા તેમજ વલ્લભીપુર સ્ટેટને લગતું રેકર્ડ સંગ્રહિત છે.

(૬) જિલ્લા અભિલેખાગાર કચેરી, પોરબંદર

કાઠિયાવાડ એજન્સીનું બીજા વર્ગનું રજવાડું હતું. જીલ્લા અભિલેખાગાર, પોરબંદરમાં અંદાજીત ૧,૦૦,૦૦૦ ફાઈલો સંગ્રહીત કરવામાં આવેલ છે. આ કચેરીમાં મુખ્યત્વે પોરબંદર, રાણાવાવ, કુતિયાણા તેમજ નવી બંદરને લગતું રેકર્ડ સંગ્રહિત કરવામાં આવેલ છે.

<u>અભિલેખાગાર ની કામગીરી</u>

- અભિલેખાગાર એ વહીવટી અને સંશોધનક્ષેત્રે ઉપયોગી સાધન તરીકે સેવા આપે છે.
- ગુજરાત સરકાર તમામ પ્રકારની કાયમી દફતરની વૈજ્ઞાનિક ઢબે જાળવણી કરી તેમજ સરકારી ખાતાઓના વડાઓને દફતરની જાળણી અંગે સલાહ સૂચના આપી., રેકર્ડમાંથી માહિતી માંગવામાં આવે તે પૂરી પાડી, તથા તેની પ્રકાણિત નકલ આપવી.
- ઐતિહાસિક સંશોધન માટે સંશોધનત તથા લોકોને નિયમોની મર્યાદામાં રેકર્ડ તપાસવા દઈ રેકર્ડની સંર્દભસૂચિ તૈયાર કરી છપાવવી.
- સંશોધકોને સંશોધન માટે પ્રોત્સાહન અને સવલત આપી મહત્વના રેકર્ડની માઈક્રોફિલ્મ તૈયાર કરવી.

- ખાનગી સંસ્થાઓને વ્યકિતઓ પાસે જે ખાનગી રેકર્ડ હોય તેની મોજણી કરી અને મહત્વના રેકર્ડ ભેટ સ્વરૂપે અથવા નકલ કરી અથવા ખરીદી લઈ, લોકોમાં દફતર સંગ્રહનાં મહત્વ અંગે જાગૃતિ કેળવવી.
- મહત્વના કાયમી રેકર્ડની વૈજ્ઞાનિક ઢબે તેમજ વ્યવસ્થા કરવી.
- ગુજરાતના સાંસ્કૃતિક, રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક દસ્તાવેજી, ઐતિહાસિક વારસાની સાચવણી કરવી.
- તે કાયદાકીય હકક માટે આશ્રયદાતા છે. સાંસ્કૃતિક મુલ્ય અમુલ્ય છે. આમ અભિલેખાગારની ઉપયોગીતા સર્વસ્વીકૃત છે. આથી દફતરોની સુયોગ્ય અધતન જાળવણી અને સાચવણી કરવીએ ખુબ જ જરૂરી છે.

<u>પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન આર્કાઈવ્ઝ સ્ટડી કોર્ષ</u>

- ભારત દેશને વિશ્વગુરૂનો સંકલ્પ સાકાર કરવા માટે ૫૦૦૦ ટ્રિલિયન અર્થતંત્રના સંકલ્પને સિદ્ધ કરવા માટે માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા ભારતની શિક્ષણ નીતિ ૨૦૨૦ "કોશલ્ય શિક્ષણ" (સ્કીલ એજ્યુકેશન) પર વિશેષ ભાર મુકેલ છે. તેના થકી ભારત દેશ આત્મનિર્ભર બનશે અને યુવાનોમાં રોજગારીની સુવર્ણતકો ઊભી થશે.
- અભિલેખાગાર ખાતા દ્વારા ડિજીટલ ઈન્ડિયા અને સ્કીલ ઈન્ડિયા ના સંકલ્પને સાકાર કરવા માટે અને ભવિષ્યમાં નવયુવાનોને અભિલેખાગાર ક્ષેત્રમાં રોજગારીની વિશાળ તકો ઉપલબ્ધ થાય તે શુભ હેતુ થી " પોસ્ટ

ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન આર્કાઈવ્ઝ સ્ટડી ” નામથી એક નવા કોન્સેપ્ટ સાથેનો કોર્ષ શરૂ કરવામાં આવેલ છે.

- ઈતિહાસ વિષય સાથે સ્નાતક થયેલ વિદ્યાર્થીઓમાં ઐતિહાસિક ડોક્યુમેન્ટ અને દસ્તાવેજોનું વર્ગીકરણ, જાળવણી અને ડીઝિટલાઈઝેશન અંગેનું પ્રેકટિકલ જ્ઞાન વિકાસ પામે અને વિદ્યાર્થીઓ માટે આ વિષય દ્વારા રોજગારી સંબંધી કૌશલ્ય વિકાસાવી શકાય.
- ગુજરાત સરકારશ્રીના શ્રમ, કૌશલ્ય, વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા સ્થાપિત કૌશલ્ય ધ સ્કીલ યુનિવર્સિટી સાથે ટાઈઅપ કરીને આ કોર્ષ શરૂ કરવામાં આવેલ છે.
- શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૧૯ વિદ્યાર્થીઓને આ કોર્ષમાં પ્રવેશ આપેલ છે.
- વિદ્યાર્થીઓને ૬ માસ થિએરિકલ શિક્ષણ અને ૬ માસ પ્રેકટિકલ શિક્ષણ આપવામાં આવે છે.
- પ્રેકટિકલ શિક્ષણ સમયે અભિલેખાગારની જુદી-જુદી કચેરીઓમાં તેમને પ્રેકટિકલ તાલીમ આપવામાં આવે છે. અને દરેક વિદ્યાર્થીને પ્રતિ માસ ૧૨૦૦૦ રૂપિયા સ્ટાઈફંડ ચુકવવામાં આવે છે.
- સમગ્ર ગુજરાતમાં કોઈ પણ યુનિવર્સિટીમાં આ કોર્ષ ચાલતો નથી. અભિલેખાગાર ખાતા દ્વારા આ નવો રોજગારલક્ષી કોર્ષ શરૂ કરવામાં આવેલ છે.
- .વિદ્યાર્થીઓ EARN WHILE LEARN (ભણતરની સાથે રોજગારી) મેળવે છે.

જિલ્લા અભિલેખાગાર કચેરી, પોરબંદર

જિલ્લા અભિલેખાગાર કચેરી, પોરબંદરના નવા મકાન માટે કલેકટરશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ હતી. પરંતુ યોગ્ય જમીનની ઉપલબ્ધતા ન હોવાથી કલેકટરશ્રી દ્વારા મંજુરી આપવામાં આવેલ ન હતી. તદ્ઉપરાંત જિલ્લા સેવા સદનમાં પણ જગ્યાની માંગણી કરેલ. પરંતુ તે પણ ના મંજુર થયેલ છે. વર્તમાન સમયમાં પોરબંદર અભિલેખાગાર કચેરી ગોપનાથ પ્લોટ અને હાથીખાના ખાતે કાર્યરત છે. તા.૧૪/૧૧/૨૦૨૩ના રોજ કલેકટરશ્રીને પુન:અરજી આપેલ છે. જે કલેકટરશ્રી દ્વારા જમીન મંજુર કરવામાં આવશે. ત્યારે અભિલેખાગારનું નવું બિલ્ડિંગ બનાવવાનું આયોજન કરેલ છે.